અનુસૂચિત જાતિના ઉમેદવારોને કોમર્શીયલ
પાઇલટ લાઇસન્સ/ટ્રેઇનીંગ પાઇલટની
તાલીમ માટે નાણાંકીય સહાય આપવાબાબત

ગુજરાત સરકાર
સમાજ કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: એસસીડબ્લ્યુ/૧૦૮૭/મુમ.૧૨૪૭/જ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ.૨૧/૧૦/૧૦૮૭.

વંચાણે લીધુ:- નાણાં વિભાગની તા.૨૧/૧૦/૮૭ની યાદી
ક્રમાક:સીએનએફ/૧૧૮૭/૨/૫૭/ફ

ઠરાવ:-

અનુસુચિત જાતિના લોકો માટે શિક્ષણની સુવિધા જેમ જેમ વધતી જાય છે. તેમ તેઓ સરકારી નોકરીઓ ઉપરાંત વ્યવસાયિક તાલીમમાં પણ જોડાતા હોય છે. આમ છતાં પણ કોમર્શીયલ પાઇલટ લાયસન્સ/ટ્રેઇનીંગ પાઇલટ જેવા ખર્ચાળ અભ્યાસક્રમો/તાલીમ માટે પછાતવર્ગના ઉમેદવારો ભાગ્યે જ આગળ આવે છે.આવી તાલીમ દેશ તથા વિદેશમાં આપવામાં આવતી હોય છે. સામાન્ય રીતે ભારતમાં આ પ્રકારની તાલીમ લેવા પાછળ ચાર વર્ષ જેટલો લાંબો સમય જાય છે.જ્યારે વિદેશમાં આ પ્રકારની તાલીમ લેવામાં ઘણો ઓછો સમય એટલે કે છ થી દસ માસ જેટલા સમયમાં આવી તાલીમ પ્રાપ્ત કરીને કોમર્શીયલ પાઇલટ લાયસન્સ મેળવી શકાય છે.અનુસુચિત જાતિના લોકોની આર્થિક સ્થિતિ નબળી હોવાથી તેઓ આ પ્રકારની તાલીમ મેળવી શકવા માટે શક્તિમાન હોતા નથી. આથી આવા ઉમેદવારોને જો સરકાર તરફથી નાણાંકીય સહાય આપવામાં આવે તો તેઓ કોમર્શીયલ પાઇલટ લાયસન્સ જેવા ઉચ્ચ પ્રકારના ટેકનીકલ તાલીમ અભ્યાસક્રમોમાં દાખલ થઇ આવા લાયસન્સ મેળવી શકે. રાજય સરકારનો અભિગમ અનુસૂચિત જાતિ તેમજ પછાતવર્ગોનો ઉત્કર્ષ કરવાનો છે. આથી અનુસૂચિત જાતિના લાયક ઉમેદવારો માટે કોમર્શીયલ પાઇલટ લાયસન્સ માટે નીચે પ્રમાણેની યોજના અમલમાં મૂકવાનું વિચાર્યું છે.

૨. આ યોજના અંતર્ગત તાલીમાર્થીઓને રાજય સરકાર ધ્વારા રૂા.૨.૦૦ લાખ સુધીની લોન, વાર્ષિક ૪% વ્યાજના દરે મંજુર કરવામાં આવશે. લાભાર્થી લોનના હપ્તા ભરવામાં નિયમીત રહે તથા તાલીમ પછી ભારતમાં પાઇલટ તરીકે પાંચ વર્ષની સેવા પુરી કરે ત્યારબાદ મૂળ લોન ૫૦% રકમ સબસીડી તરીકે ફેરવવામાં આવશે.

ચાલુ સાલ ૧૯૮૭-૮૮ માં આયોજના માટે અંદાજ પત્રમાં કોઇ જોગવાઇના હોઇ અને આ યોજનાનો વર્ષ ૧૯૮૭-૮૮ દરમિયાન અમલ કરવાનો હોઇ નાણાં વિભાગના તા.૨૧/૧૦/૮૭ના મેમોરેન્ડમ ક્રમાંક: સીએનએફ/૧૧૮૭/૨/૫૭/ક થી મંજૂર રૂા.૧.૮૫ લાખની આકસ્મિક નીધીમાંથી પેશગીની રકમ મંજુર કરવામાં આવી છે. અને આ રકમ નિયામક સમાજ કલ્યાણ હસ્તક મુકવામાં આવે છે અને આ રકમ ચૂકવવાની કાર્યવાહી નિયામકશ્રીએ નિયમાનુસાર કરવાની રહેશે. નિયામકશ્રીની કચેરીએ યોગ્ય સમયે તે માટે પૂરક માંગણી રજૂ કરવાની રહેશે.

આ યોજનાનો અમલ નિયામકશ્રી સમાજ કલ્યાણ ખાતુ ગુજરાત રાજય, ગાંધીનગર કરશે.

આ યોજનાની શરતો અને બોલીઓ નીચે મુજબ રહેશે.

(૧) કોમર્શીયલ પાઇલટ લાયસન્સ ટ્રેઇગ પાઇલટની તાલીમ મેળવવા ઇચ્છતા ઉમેદવારે મેટ્રીકયુલેશન અથવા હાય સેકન્ડરી અથવા તો ઇન્ડીયન સ્કુલ સર્ટીફીકેટ કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ. ઉપરાંત ઉમેદવાર જે સંસ્થામાં તાલીમ મેળવવા ઇચ્છતા હોય તે સંસ્થાએ કોર્મશીયલ પાઇલટ લાયસન્સ તાલીમ વર્ગમાં દાખલ થવા માટે નકકી કરેલ બધી જ શૈક્ષણિક તાત્રિક તેમજ અન્ય જરૂરી લાયકાતો ધરાવતા હોવા જોઇએ.

(૨) આવી તાલીમ આપનાર દેશ/પરદેશની સંસ્થાએ તાલીમાર્થીના પ્રવેશ માટે જે શરતો નકકી કરી હોય તે તથા આવી તાલીમ માટે જરૂરી તમામ પ્રમાણપત્રો જેવા કે મેડીકલ સર્ટીફીકેટ, ફીટનેશ, સર્ટીફીકેટ મેળવેલ હોવા જોઇએ.

(3) તાલીમાર્થી પરદેશની જે સંસ્થામાં તાલીમ મેળવે તે સંસ્થા તેમના દેશની સરકાર ધ્વારા આવી તાલીમ આપવા માટે માન્ય થયેલી હોવી જોઇએ તથા આવી તાલીમબાદ મેળવવામાં આવતા કોમર્શીયલ પાયલટ લાયસન્સ, તે દેશમાં સ્વીકૃત થયેલા હોવા જોઇએ ત્યાર પછી ભારતમાં તે લાયસન્સ સ્વીકૃતિ કરાવવા માટે તાલીમાર્થીએ જરૂરી કાયદેસરની કાર્યવાહી એક વર્ષની અંદર પુરી કરવાની રહેશે.

(૪) તાલીમાર્થીએ તેમની તાલીમ માટે થનાર ખર્ચના અંદાજો જે તે સંસ્થા પાસેથી મેળવીને રજુ કરવાના રહેશે.

(૫) તાલીમ આપનાર સંસ્થા તરફથી ઉમેદવારને પ્રવેશ આપ્યા અંગેનો સંમતિપત્ર મળ્યા બાદ જ આવી સહાય મંજુર કરવામાં આવશે.

(૬) આ યોજના હેઠળ સહાય મેળવનાર લાભાર્થીએ તાલીમ પૂર્ણ કર્યાબાદ તેમની સેવાઓ ભારતમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ માટે આપવાની રહેશે. જો તેઓ પરદેશમાં સ્થાયી થશે તો આવી સહાયની રકમ સંપૂર્ણપણે વ્યાજ સાથે ગુજરાત સરકારને પરત કરવાની રહેશે આમા કોઇ છૂટછાટ મૂકવામાં આવશે નહી.

(૭) આવી તાલીમ લેવા ઇચ્છતા ઉમેદવારોના કોઇ સગા સંબંધી વિદેશમાં રહેતા હોય તાલીમાર્થીઓને તેઓ ધ્વારા નાણાકીય જવાબદારી માટે પુરસ્કૃત (Sponser) કરેલા હોવા જોઇએ નહી.

(૮) આ યોજના નીચે આપવામાં આવતી રકમ તાલીમ માટે ખરેખર જેટલી રકમની જરૂરત રહેશે તેટલી રકમ પૂરતી મર્યાદિત રહેશે. ભારતમાં તાલીમ માટે જો રકમમાં ટયુશન ફી (Tution fee) લાયસન્સ મેળવવા માટે જરૂરી ફલાઇંગ અવર્સ (flying hours) માટેની ફી તથા અન્ય આનુસાંગિક ખર્ચનો સમાવેશ થશે. આ બાબતમાં નિયામકશ્રી સમાજ કલ્યાણનો નિર્ણય આખરી ગણાશે.

(૯) પરદેશમાં તાલીમ લેવા ઇચ્છાવાળા તાલીમાર્થીઓને આ યોજના હેઠળ સહાયની રકમ ચૂકવતી વખતે રીઝર્વ બેન્ક ઇન્ડીયા ધ્વારા નિયત થયેલા વિનિમય દરે સહાયની રકમ ચુકવવામાં આવશે અને તાલીમાર્થીઓના ભથ્થાઓમાં રીઝર્વ બેન્કની મંજુરી પણ મેળવવાની રહેશે. રીઝર્વ બેન્ક જેટલા પ્રમાણમાં તાલીમ ફી (Tution Fee) નિર્વાહ ભથ્થા (વધુમાં વધુ છ મહીના માટે) અને શરૂઆતના સાધનો માટેના ભથ્થાઓ મંજુર કરશે તેટલા પ્રમાણમાં જ લોનની રકમ મંજુર થઇ શકશે.

(૧૦) અરજદારે તેમની સંપૂર્ણ વિગતો અને પ્રમાણપત્રો સાથેની અરજી નિયામકશ્રી સમાજ કલ્યાણ ખાતુ ગુજરાત રાજય ગાંધીનગરને આ સાથે રાખેલ બાંહેધરી પત્રક (Agreement) તથા જરૂરી જામીનખત સાથે મોકલી આપવાની રહેશે. નિયામકશ્રી અરજદારની અરજીની સંપૂર્ણ પણે ચકાસણી કરી મંજુરી અર્થે સરકારને રજુ કરશે.

(૧૧) આ યોજનાનો લાભ ફકત અનુસૂચિત જાતિના ઉમેદવારોને જ આપવામાં આવશે.

(૧૨) લાભાર્થીને લોનની ચુકવણી થયાની તારીખથી એક વર્ષ પછી લોનની વસુલાત શરૂ કરવામાં આવશે. લાભાર્થીએ માસિક રૂ।.૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) નો હપ્તો ભરવાનો રહેશે. મૂળ રકમ ભરપાઇ થયા બાદ વ્યાજ પણ આજ પ્રમાણે ચૂકવવાનું રહેશે.

(૧૩) વિદેશમાં આવી તાલીમ લેવા જતા ઉમેદવારોએ આવી તાલીમ પૂરી કર્યા પછી ભારતમાં તુર્તજ પાછા ફરવાનું રહેશે અને પાંચ વર્ષ સુધી ભારતમાં પાઇલટ તરીકે સેવા આપવાની રહેશે અને લોનના નિયમાનુસાર હપ્તાઓ ભરવાના રહેશે. જો તાલીમાર્થી આ શરતો પૂરી કરશે તો તેઓએ લોનનો અમુક ભાગ સહાય તરીકે ગણવા સરકારને અરજી કરવાની રહેશે. જે મળ્યા બાદ મૂળ લોનની રકમના ૫૦% રકમ સહાય તરીકે મંજુર કરવામાં આવશે.

(૧૪) ભારતમાં આવી તાલીમ લેનાર તાલીમાર્થી પણ શરત ક્રમાંક-૧૩ માં જણાવ્યા પ્રમાણેની જોગવાઇને આધીન આવી સહાય મેળવવા પાત્ર થશે.

(૧૫) તાલીમાર્થીએ ખરેખર લોનના નાણાં ચૂકવ્યાની તારીખથી એક મહિનાની અંદર તાલીમ શરૂ કરવાની રહેશે. વળી તાલીમાર્થીએ પોતાની તાલીમની પ્રગતિનો ત્રિમાસિક અહેવાલ તાલીમ આપતી સંસ્થામાંથી મેળવીને નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય ગાંધીનગરને રજુ કરવાનો રહેશે.

(૧૬) અરજદારને મંજુર કરવામાં આવેલ લોન નિયમીત ભરપાઇ કરવામાં કસૂર થશે તો ચડતર હપ્તાઓ સામે ૨.૧/૨% લેખે દંડનીય વ્યાજ લેવામાં આવશે. દંડનીય વ્યાજ સહિત હપ્તાઓ ભરવામાં કસૂર થશે તો ચડતર તેમજ બાકીની વસુલાત કરવાની તમામ રકમ તથા અન્ય ખર્ચ એકી સાથે મહેસૂલી રાહે વસૂલ કરવામાં આવશે.

(૧૭) લેણી બાકી રકમ નિયત સમય કરતાં વહેલી ભરપાઇ કરવા માટે અરજદારને છૂટ રહેશે.

(૧૮) આ લોનનો ઉપયોગ અરજદાર જો બીજા કોઇ હેતુ માટે કરશે તો લોનની અપાયેલ રકમ ચુકવ્યાની તારીખથી (એક સાથે) દંડનીય વ્યાજ સાથે પરત વસૂલ લેવામાં આવશે.

(૧૯) લાભાર્થીએ બે યોગ્ય જામીન રજુ કરવાનો રહેશે (નમુનો સામેલ છે.)

(૨૦) આ યોજના હેઠળ લોનની રકમની ચૂકવણી કરતાં પહેલાં નિયામકશ્રી, સમાજ કલ્યાણ અરજદાર પાસેથી ઉપર મુજબની શરતોના પરિપાલન માટે સ્વીકૃત (Agreement) લેવાની રહેશે અને કરજદાર તરફથી તેનું યોગ્ય પાલન થાય તે જોવાની જવાબદારી નિયામકશ્રી સમાજ કલ્યાણની રહેશે.(નમૂનો સામેલ છે.)

આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર માંગણી ક્રમાંક ૯૪,૬૨૨૫ અનુસૂચિત જાતિઓ અનુસૂચિત જનજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ માટે લોન-૦૧, અનુસૂચિત જાતિઓનું કલ્યાણ ૧૯૩- સ્વૈચ્છિક સંસ્થાઓને લોન બીસીકે-૮ (અ) અનુસૂચિત જાતિના ઉમેદવારોને કોમર્શીયલ પાઇલટ લાયસન્સ/ટ્રેઇની પાઇલોટની તાલીમ માટે નાણાંકીય સહાય હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગના તા.૨૦/૧૦/૮૭ ની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી/-
(ની.ના.મહેતા)
ઉપસચિવ
સમાજ કલ્યાણ વિભાગ

પ્રતિ,
મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી,
મંત્રીશ્રી (સ.ક) ના અંગત સચિવશ્રી,
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય અમદાવાદ/રાજકોટ
પે એકાઉન્ટ ઓફીસર ગાંધીનગર રેસીડન્ટ ઓડીટ ઓફીસર ગાંધીનગર
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ ગુજરાત રાજય ગાંધીનગર
'ફ'-શાખા, સમાજ કલ્યાણ વિભાગ પસંગી ફાઇલ